ફોજદારી કેસ નંબર.૨૮૭૮/૨૦૨૧.

<u>આંકઃ૧ લગત હુકમ</u>

૧) હાલના કામે પોલીસ દ્વારા આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા ૨૬૯ અને ગુજરાત પોલીસ અધીનિયમની કલમ-૧૩૧ મુજબના ગુનાના કામે પ્રથમ બાતમી અહેવાલ નોંધી તપાસના અંતે આખરી અહેવાલ (ચાર્જશીટ) રજુ કરેલ છે. હાલના કામે જાહેરનામું પાડનાર અધિકારીની કોઈ લેખીત ફરીયાદ રજુ નથી.

૨) ઉકત હકીકતે ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૯૦ તથા ૧૯૫ વંચાણે લેતા ભારતીય દંડ સંહિતાની કલમ ૧૭૨ થી ૧૮૮ મુજબના ગુનાનું સંજ્ઞાન કોઈપણ કોર્ટ સંબધિત અધિકારીની લેખીત ફરીયાદ વિના લઈ શકે નહી. વધુમાં લેખીત ફરીયાદ અંગે ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨(ડી) માં વ્યાખ્યા કરવામાં આવેલ છે જે મુજબ પોલીસ રીપોર્ટનો સમાવેશ મેજિસ્ટ્રેટ સમક્ષ કરવામાં આવતી ફરીયાદમાં થતો નથી.

૩) વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા **Criminal Misc. Application no. 24632 of 2015 ના કામે Govardhankumar Thakoredas Asrani v/s State of Gujarat & 1. Decided on 13.04.2017** ના કામે ઠરાવેલ છે કે, જાહેર સેવકની ફરીયાદ સિવાય પોલીસ રીપોર્ટ પરથી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબના ગુનાનું સંજ્ઞાન કોર્ટ લઈ શકે નહી. તેમજ જ્યારે એક જ વ્યવહારમાંથી જો અન્ય કોઈ ગુનો પણ બનતો હોય ત્યારે પણ ૧૯૫ ની જોગવાઈઓ ને અવગણીને અન્ય ગુના પુરતી પણ કેસની કાર્યવાહી આગળ ચલાવી શકાય નહી.
**"However, if the perusal of the first information report and other papers of the charge-sheet makes it clear that the offence under sections 186 or 188 of the IPC, as the case may be, is closely interconnected with the other distinct offences and cannot be split up, then, in such circumstances, the bar of section 195 of the Cr.P.C. will apply to such other distinct offences also."**

૪) આમ, ઉકત હકીકતે આરોપી વિરૂધ્ધ મુખ્ય આક્ષેપ જાહેરનામા ભંગનો હોય અને અન્ય કોઈ આક્ષેપ જણાઈ આવતા ના હોઈ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ-૧૯૫ ની જોગવાઈઓ ઘ્યાને લેતા કાર્યવાહી આગળ ચલાવી શકાય તેમ ના હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:<u>હુકમ</u>:-**

હાલના આખરી અહેવાલ (ચાર્જશીટ) ના આધારે ઉત્પન થયેલ ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ-૧૯૫ ની જોગવાઈઓથી બાધીત હોય તેમજ આ કામે ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૯૦ મુજબ ગુનાનું સંજ્ઞાન લઈ શકાય તેમ ના હોઈ આગળની કાર્યવાહી ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-258 મુજબ સ્થગીત કરી આરોપીને છોડી(ડીસ્ચાર્જ) મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આજ રોજ અદાલતના સ્પે.સિટિંગમાં હુકમ જાહેર કર્યો.

તા.૧૦.૦૪.૨૦૨૧
સ્થળ: અમદાવાદ

હાર્દિક ભરતભાઈ ત્રિવેદી
દસમાં(અધિક)જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
અમદાવાદ(ગ્રામ્ય)
જજ કોડ: જીજે૦૧૫૨૬